## અગત્યની જાહેરાત

નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ R/WRIT PETITION (PIL) NO. 53 of 2021 ના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા એફિડેવિટ પ્રસ્તુત કરવામાં આવેલ જેના પરિણામ સ્વરૂપ જે પૂર્ણ દસ્તાવેજ છે તેમાની લોક ઉપયોગી માહિતી આ મુજબ છે.

કોવિડ-૧૯ ને આવરી લઈ મોટાભાગે તમામ તબીબી સારવારો પૂરી પાડવા માટે આયુષ્યમાન ભારત અને મા કાર્ડ, આ બંને ચાલુ યોજનાઓને પરસ્પર જોડી દેવામાં આવી છે / એકત્રિત કરી દેવામાં આવી છે. તદુપરાંત રાજ્યના તમામ મ્યુનિસિપલ કમિશ્નરો અને કલેક્ટરોને જો જરૂરિયાત જણાય તો કોઈપણ હોસ્પિટલોને સારવાર અર્થે પોતાના તાબામાં લેવાની પૂર્ણ સત્તા આપવામાં આવે છે. ઉપરાંત કોઇપણ હોસ્ટેલો, હોટલો, અને કોમ્યુનિટી હૉલને પણ કોવિડ કેર સેન્ટરમાં તબદીલ કરીને કોવિડના લક્ષણો ધરાવતાં અથવા સામાન્ય લક્ષણોવાળા દર્દીઓને ત્યાં રાખવા માટેની સત્તા પણ આપવામાં આવે છે.

સરકાર મોટા પ્રમાણમાં લોકોમાં જાગૃતિ લાવવા માટે આઈ.ઈ.સી. (ઇન્ફોર્મેશન એડ્યુકેશન કમ્યુનિકેશન) અભિયાન ચલાવી રહી છે. કોવિડ 19 વિશેની માહિતી પ્રદાન કરવા માટે વિવિધ માધ્યમો દ્વારા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જાગૃતિ લાવવા માટે અખબારોની જાહેરાત અને રેડિયો જિંગલ્સ, જાહેર સ્થળો પર એલસીડી / એલઇડી સ્ક્રીન જાહેરાતો પ્રદર્શિત કરવાની વ્યવસ્થા પણ કરવામાં રહી છે. જેના ભાગ રૂપે વલસાડ જિલ્લા વહીવટી તંત્ર તરફથી જનજાગૃતિ તથા કોરોના વાયરસના સંક્રમણ ને લાગતી તમામ જરૂરી માહિતી સર્વ નાગરિકો સુધી પહોંચાડવા http://www.iec-valsad.gecv.ac.in/ ની વેબસાઈટ શરૂ કરવામાં આવેલ છે તથા 24 કલાક તમામ દિવસ કાર્યરત ફરિયાદ કંટ્રોલ રૂમ 02632-257400 શરૂ કરવામાં આવેલ છે.

વલસાડ જિલ્લાના તમામ નાગરિકોને ઉપરોક્ત વલસાડ જિલ્લા IEC સેલ નો લાભ લેવા જણાવવામાં આવે છે.

**નામદાર ગુજરાત હાઇકોર્ટના ઓરલ ઓફિસ ઓર્ડરનો ઉપરોક્ત ગુજરાતી અનુવાદ અન્વયે તેના અર્થઘટન સંદર્ભે તેના મૂળ અંગ્રેજી દસ્તાવેજને આખરી ગણવાનું રહેશે.**